# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા એડેપ્ટીવ ટ્રાયલ અંતર્ગત ફીલ્ડ ડેની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા એડેપ્ટીવ ટ્રાયલમાં આપેલ અનુભવ ચીલેટેડ મીનરલ મીક્ષ્ચરના ઉપયોગના નિદર્શન અંતર્ગત તા. ૨૩.૦૩.૨૦૧૮ ના રોજ મઘરોલ ગામ ખાતે ફીલ્ડ ડે યોજવામાં આવેલ. સદર કાર્યક્રમમાં આજુબાજુના પશુપાલક ખેડૂત ભાઇઓ તથા મહિલાઓને અનુભવ ચીલેટેડ મીનરલ મીક્ષ્ચરનો ઉપયોગ કરવા તથા દૂધ ઉત્પાદન વધારવા માટેના ખાસ મુદ્દા પરત્વે કે.વિ.કે. ના વૈજ્ઞાનિક (પશુપાલન) ડૉ. એસ. બી. કાટોલે દ્વારા જણાવવામાં આવ્યું કે અનુભવ ચીલેટેડ મીનરલ મીક્ષ્ચરના વપરાશ કરવાથી દૂધ ઉત્પાદન, ફેટના ટકા તથા પ્રજનન ક્ષમતામાં સારૂ પરિણામ જોવા મળે છે. તેમણે દૂધ ની વિવિધ બનાવટો વિશે પણ ચર્ચા કરી. તેઓએ જણાવ્યું કે આણંદ કૃષિ યુનિવર્સિટી દર વર્ષે એડેપ્ટીવ ટ્રાયલ અંતર્ગત નવીન ટેકનોલોજીના નિદર્શન કરી એનો પ્રચાર અને પ્રસાર કરે છે. કે.વિ.કે. ના વૈજ્ઞાનિક (બાગાયત) શ્રીમતી અમિતા પરમાર દ્વારા કેરીની મુલ્યવર્ધિત બનાવટો વિશે વિસ્તૃત ચર્ચા કરવામા આવી. આ કાર્યક્રમમાં જે પશુપાલક ભાઇઓ તથા બહેનોને એડેપ્ટીવ ટ્રાયલ અંતર્ગત અનુભવ ચીલેટેડ મીનરલ મીક્ષ્ચરના નિદર્શન આપવામાં આવેલ હતા જેઓએ તેમના અનુભવો રજુ કર્યા હતાં અને આ મીનરલ મીક્ષ્ચરનો વપરાશ કરવા માટે બીજા ખેડૂત ભાઇઓને અને બહેનોને પ્રોત્સાહિત કર્યા હતાં.

## કાર્યક્રમની ઝાંખી









